અપીલ અરજી નં.૯૫ તા.૨–૭–૦૯ /૧૦

અરજદાર: શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા: ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોન

## ફરીયાદની હકીકત:–

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન સબંધિત વિભાગમાં તા.૧૭–૪–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે અધિકારી તેમજ કર્મચારી પાસે શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૫/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન સબંધિત વિભાગમાં તા.૧૭–૪–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે અધિકારી તેમજ કર્મચારી પાસે શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમય ગાળામાં પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૩૫૪ તા.૮–૭–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નથી.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી અઠવાઝોન સબંધિત વિભાગમાં તા.૧૭–૪–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજીમાં ભટારરોડ એટોપ નગર સોસાયટી પ્લોટ નં. A/2 ના ગ્રા. ફલોર પર રહેતા માલીકે સુ.મ.પાલીકાએ પ્લાન મંજુર કરતી વખતે જે ગલી મંજુર કરવામાં આવેલ તે ગલીના છેડા પરની જગ્યા A/2 ના માલીકે ખોટી રીતે દબાણ કરી ગાર્ડન બનાવવામાં આવેલ છે. જે અંગે અધિકારી તેમજ કર્મચારી પાસે શું તપાસ કરવામાં આવી અને હાલ શું કાર્યવાહી કરવામાં આવી છે તેની સંપૂર્ણ માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપ્યા હોવાનું જણાયેલ નથી. અરજદારે અપીલ અરજીમાં પણ કોઈ પ્રતિભાવ નહીં મળ્યાનું જણાવેલ. આરટીઆઈ એકટના આમુખથી સરકાર અને તેના માધ્યમો શાસિતને જવાબદાર રહે તથા પારદર્શિતા સહિત જવાબદારીને ઉત્તેજન મળે તે પરત્વે ભાર મુકવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને કાયદાની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતિ અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી, અઠવાઝોન ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ ,